# કોરોનાનો કહેર યથાવત્ : નવા ૩૧૫ કેસ

**ગાંધીનગરના રૂપાલમાં ૧૭ કેસ સહિત ૫૭ કેસ નોંધાયા : કલોલના સઈજ અર્બનમાં ૧૫-૧૫ કેસ સહિત ૫૪ કેસ નોંધાયા : માણસામાં ૩૪ અને દહેગામમાં ૧૭ કેસ નોંધાયા : સે. ૨૭ માં ૧૪, સે. ૬ માં ૯ કેસ, સે. ૪ માં ૭, સે. ૫, ૭, ૨૯, ૧૩ માં ૬-૬ કેસ, સે. ૨, ૧૭, ૩૦ માં ૫-૫ કેસ : રાયસણમાં ૯ કેસ, કુડાસણમાં ૮, પેથાપુરમાં ૬, સરગાસણ-વાવોલમાં ૫-૫ કેસ**

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કોરોનાનો કહેર સતત ૬ઠ્ઠા દિવસે પણ યથાવત્ રહ્યો છે. જિલ્લામાં આજે નવા ૩૧૫ કેસ નોંધાયા છે.

રાજયમાં નોંધાયેલા કેસો ઘટયા છે તેમ જિલ્લાના નોંધાયેલા કેસોમાં પણ નજીવો ઘટાડો જોવા મળ્યો છે. જિલ્લામાં કોરોનાનો ચેપરેટ સ્થિર થયો હોવાનું તંત્રના સૂત્રો માની રહ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૬૨ નવા કેસ નોંધાયા છે જ્યારે ગાંધીનગર શહેરમાં ૧૫૩ નવા કેસ નોંધાયા છે. જિલ્લામાં બીજી લ્હેર કોરોનાની જે આવી છે તે ઘાતક સાબિત થઈ રહી છે. શહેરના વિવિધ સ્મશાન ગૃહોમાં આજે ૩૩ જેટલા મૃતકોની કોવિડ પ્રોટોકોલ અંતર્ગત અંતિમ વિધિ કરવામાં આવી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૬૨ કેસોમાં દહેગામમાં ૧૭, ગાંધીનગરમાં ૫૭, કલોલમાં ૫૪, માણસામાં ૩૪ કેસ નોંધાયા છે. જિલ્લામાં કોરોનાની સ્થિતિ નિરંકુશ બની છે. હોસ્પિટલોમાં બેડ નથી, ઓક્સિજનની માંગમાં પણ ૪ ગણો વધારો થવા પામ્યો છે.

ગ્રામ્ય વિસ્તારમાં સંક્રમણ વધી રહ્યુ છે. આરોગ્ય સેવાઓ પણ ખોરવાઈ જવા પામી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૫૨ મહિલા દર્દી, ૧૨ કર્મયોગી, ૨૯ ખેડૂત, ૬ વિદ્યાર્થી તેમજ નાનો વેપાર કરતા વેપારીઓ અને ખાનગી નોકરી કરતા લોકો સંક્રમિતની યાદીમાં છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસો પૈકી ૧૨ દર્દીને સઘન સારવારની જરૂર જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામમાં આજે ૧૭ કેસ નોંધાયા છે. દહેગામ અર્બનમાંથી ૬ કેસ મળી આવ્યા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં મામાપરામાંથી ૩, કડજોદરામાંથી ૨ ઉપરાંત ભાગુજીના મુવાડા, ઝીંડવા, જૂના ધાંબલિયા, પીપળજ, લવાડ અને વડવાસામાંથી પણ કેસ મળી આવ્યા છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેકાબુ બની વિસ્તરી રહ્યો છે. તાલુકો જે પાટનગર તાલુકાની ઓળખ ધરાવે છે ત્યાં આરોગ્ય સેવાઓ કથળી ચુકી છે. ટેસ્ટીંગની પુરતી કીટો પણ નહિ મળતી હોવાની લોકજીભે ચર્ચાઓ શરૂ થઈ છે.

તાલુકાનું ગ્રામીણ જીવન લગભગ વેરવિખેર બની ચુક્યુ છે. તાલુકામાં કોરોના ખુબજ ઝડપથી વકરી રહ્યો હોવાથી તંત્ર પણ લાચાર બન્યુ છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૫૭ કેસ નોંધાયા છે. તાલુકાના પ્રસિદ્ધ યાત્રાધામ તરીકે ઓળખાતા રૂપાલ ગામેથી આજે એક જ દિવસમાં ૧૭ કેસ નોંધાતા તંત્રમાં પણ હડકંપ મચી જવા પામ્યો છે.

તાલુકાના આવાજ બીજા યાત્રાળુઓ માટેનું મહત્વ ધરાવતુ સાદરા ગામ છે જ્યાં આજે ૬ કેસ નોંધાયા છે. દશેલામાં ૫, સરઢવમાં અને ઉવારસદમાં ૪-૪ કેસ, ડભોડા અને વાસણ ગામે ૩-૩ કેસ, રાજપુર, મોટા ચિલોડા, શેરથા ગામે ૨-૨ કેસ આ ઉપરાંત જાખોરા, માધવગઢ, જલુંદ, ટીંટોડા, ચંદ્રાલા, લવારપુર, અડાલજ, સોનારડા અને વીરા તલાવડી ગામેથી કેસો મળી આવેલ છે.

કલોલમાંથી આજે ૫૪ કેસ મળી આવ્યા છે. કલોલ અર્બન વિસ્તારમાંથી આજે વધુ ૧૫ કેસ મળી આવેલ છે.

ગ્રામ્યવિસ્તારમાં સઈજમાંથી ૧૫, ખાત્રજમાંથી ૫, આમજામાંથી ૪, જાસપુર, ચાંદીસણામાંથી ૩-૩, નાદરી, સાંતેજમાંથી ૨-૨ કેસ મળી આવ્યા હોવા ઉપરાંત બોરીસણા, છત્રાલ, રાંચરડા, રણછોડપુરા, સોજા ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

માણસા તાલુકામાં પરિસ્થિતિ થોડીક થાળે પડતી જણાઈ રહી હોવાથી તંત્રએ રાહત અનુભવી જરૂર છે પરંતુ જે રીતે ગ્રામ્યવિસ્તારમાંથી કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની દોડધામ અને ચિંતા યથાવત જોવા મળી રહી છે.

માણસા અર્બનમાંથી ૪ કેસો મળવા ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં લોદરા અને પુંધરા ગામેથી ૪-૪ કેસ, બદપુરા, વ્યાસ પાલડી ગામેથી ૩-૩ કેસ, આજોલ, ઈટાદરા, મહુડી, પાટણપુરા ગામેથી ૨-૨ કેસો તેમજ વિહાર, અનોડિયા, રંગપુર, રિદ્રોલ, ઈશ્વરપુરા, પ્રતાપનગર, વરસોડા, દેલવાડામાંથી પણ કેસો મળી આવ્યા છે.

જિલ્લામાં આજે ૯૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્યવિસ્તારમાં આજ સુધીમાં ૬૫૨૪ લોકો કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૬૯૩ એક્ટીવ કેસ નોંધાયેલા સારવાર હેઠળ છે. ગ્રામ્યવિસ્તારમાં આજે પણ ૯૫૦૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય અને ફરજીયાત માસ્કના નિયમના પાલન માટે તંત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે.

જિલ્લામાં આજે ૪૮૦૦થી વધુ લોકોને રસીકરણ અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૧૫૩ કેસ નોંધાયા છે. છેલ્લા એક સપ્તાહમાં આજે થોડાક રાહતના સમાચાર એ છે કે સંક્રમિતોની સંખ્યા ઘટી છે. આજે શહેરમાં ૧૧૪ દર્દીઓ રિકવર થતા તેમને ડિસ્ચાર્જ પણ આપવામાં આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં આજે ૯૯ કેસ નોંધાયા છે જ્યારે શહેરમાં સમાવિષ્ટ અન્ય વિસ્તારોમાંથી ૫૪ કેસ નોંધાયા છે. શહેરમાં સંક્રમણ સ્થિર થયુ હોવાનું ચિત્ર ઉપસી રહ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશન સ્વીકાર્યુ હોવાથી શહેરમાં માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન અને એક્ટીવ કેસ વધી જવા પામ્યા છે. શહેરમાં ૧૩૦૦ થી વધુ એક્ટીવ કેસો હાલ સારવાર હેઠળ છે. મનપાએ હોમ આઈસોલેશનમાં રહેલા અને સારવાર મેળવી રહેલા દર્દીઓનું મોનીટરીંગ સઘન કરવાની સાથે સાથે માસ્ક ફરજીયાતના નિયમની કડક અમલવારી કરવાની સૂચનાઓ પણ આપી છે.

શહેરમાં આ વખતે નોંધાયેલી આ બીજી લ્હેરમાં મહિલા, વિદ્યાર્થીઓ ખાસ કરીને ૨૧-૪૦ વર્ષની આયુ ધરાવતા વધુ સંક્રમિત થવા જોવા મળ્યા છે. આ ઉપરાંત પરિવારોના પરિવાર પણ સંક્રમિત થઈ રહ્યા છે જેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં અગાઉ હોટ સ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર પણ હાલ સ્તબ્ધ છે. શહેરમાં સેનેટાઈઝેશનની માંગ તીવ્ર બની રહી છે. શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર સતત દોડતુ દેખાય છે. સે. ૨૧ જે શહેરનું હાર્દ ગણાય છે તેમજ વીઆઈપી ગણાતા સે. ૧૯, ૨૦ માંથી પણ જે રીતે કેસો મળ્યા છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે.

શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં આજે સે. ૬ માંથી ૯ કેસ, સે. ૨૭ માંથી ૧૪ કેસ, સે. ૪ માંથી ૭ કેસ, સે. ૫, ૭, ૨૯, ૧૩ માંથી ૬-૬ કેસ, સે. ૨, ૧૭, ૩૦ માંથી ૫-૫ કેસ, સે. ૨૦ માંથી ૪ કેસ, સે. ૧૪, ૨૧, ૨૬ માંથી ૩-૩ કેસ, સે. ૧, ૧૨, ૧૯, ૨૨, ૨૪, ૨૫, ૨૮ માંથી ૨-૨ કેસ મળી આવવા ઉપરાંત સે. ૩, ૯, ૧૬ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ અન્ય વિસ્તારોમાં કુડાસણમાંથી ૮ કેસ, રાયસણમાંથી ૯ કેસ, પેથાપુરમાં ૬ કેસ, સરગાસણ-વાવોલમાંથી ૫-૫ કેસ, ઝુંડાલમાંથી ૪ કેસ, જીઈબી, કોલવડામાંથી ૩-૩ કેસ, બોરીજ, રાંદેસણ, રાંધેજામાંથી ૨-૨ કેસ તેમજ ભાટ, કોબા અને સુઘડ ગામેથી પણ કેસો મળી આવ્યા છે. શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૨૪ વિદ્યાર્થી, બે શિક્ષક, એક પ્રોફેસર, એક તબીબ એક ક્લીનીક સાથે સંકળાયેલ મહિલાનો સમાવેશ થાય છે. શહેરમાં આજે પણ ૬૯ મહિલાઓ અને ૧૬ દર્દી ૨૦ વર્ષ કે તેથી ઓછી આયુ ધરાવતા મળ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે.



ફાઈલ ફોટો

## સંક્રમણની સાંકળ તોડવા માટે હવે લોકડાઉન જ એક વિકલ્પ : નગરજનો

**રોજબરોજ કોરોના આંતક વધી રહ્યો છે : નિર્દોષ સેક્ટરવાસીઓ જીવ ગુમાવી રહ્યા છે : હોસ્પિટલમાં જગ્યા હજુ નો એન્ટ્રીની સ્થિતિ : રાહ જોયા વિના હવે સરકાર સમગ્ર રાજયમાં કડક લોકડાઉન જાહેર કરે**

ગાંધીનગર તા ૨

ભારતમાં કોરોનાના રોજબરોજ રેકર્ડબ્રેક નવા કેસ સામે આવી રહ્યા છે. હોસ્પિટલમાં જગ્યા નથી અને ઓક્સિજન તેમજ ઈન્જેકશનના કકળાટ અને કાળાબજારીની બુમ વચ્ચે નિર્દોષ નાગરિકો જીવ ગુમાવી રહ્યા છે. કોરોના સામે લડત આપતા દર્દીઓ પણ દમ તોડી રહ્યા છે. ત્યારે આ દયાજનક સ્થિતિ વચ્ચે કોરોનાના સંક્રમણની ચેઈન તોડવા તુરંત જ સમગ્ર રાજયમાં કડક લોકડાઉનનો અમલ થાય તે અત્યંત જરૂરી હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આરોગ્ય સેવાના અભાવે ત્રસ્ત અને ભયભીત સેકટરવાસીઓ પણ લોકડાઉન આપવા પ્રબળ માંગ કરી રહ્યા છે.

સમગ્ર દેશમાં કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાના આતંકથી નાગરિકો ફફડી રહ્યા છે. દેશમાં પ્રતિદિન નવા કેસનો આંકડો પણ ૪ લાખને પાર પહોંચી ગયો છે. ત્યારે કોરાનાના સંક્રમણને કાબુમાં લેવાનુ ચેલેન્જરૂપ બન્યુ છે. કોરોનાના સંક્રમણની ચેઈન તોડવા માટે નિષ્ણાંત તબીબો તેમજ બુધ્ધિજીવીઓ છેલ્લા એક સપ્તાહથી લોકડાઉનની માંગણી કરી રહ્યા છે. લોકડાઉન સિવાય કોરોના સંક્રમણને કાબુમાં લેવાનુ અસંભવ હોવાનો મત પણ ઉઠવા પામ્યો છે. ત્યારે કોરોના સામે લડત આપતા કોરોના વોરિયર્સ પણ છેલ્લા એક મહીનાથી સતત ખડેપગે છે. આવા સંજોગોમાં ઈન્જેકશન અને દવાઓની ઉપલબ્ધિ સામે પણ હજુ સવાલો મંડરાયેલા છે. હોસ્પિટલમાં બેડ વિના ઓક્સિજનના અભાવે ટળવળતા દર્દીઓ મોતને ભેટી રહ્યા હોવાની દયાજનક સ્થિતિ દિવસોના અંતે પણ કાબુમાં આવી નથી. ગાંધીનગરમાં પણ સેકટરોમાં સન્નાટા વચ્ચે નાગરિકોમાં સતત ફફડાટ પ્રવર્તયો છે. ઘરમાં પુરાયેલા સેકટરવાસીઓ પણ કોરોનાના કહેરથી ભય અનુભવી રહ્યા છે. પુરતી મેડિકલ સુવિધાના અભાવે નાગરિકો વધુ ભયભીત બન્યા છે. કોરોનાની સ્થિતિ બેકાબુ બનવાની શરૂઆત થતા જ વેપારીઓએ તબક્કાવાર સ્વૈચ્છિક લોકડાઉન આપવાની શરૂઆત કરી હતી. જયારે સરકારે પણ રાત્રિ કરફયુ જાહેર કરી કેટલાક નિયંત્રણો અમલમાં મુકયા હતા પરંતુ સંક્રમણ એટલી હદે વધી ગયુ છે કે હાલમાં પણ કેસની સંખ્યામાં ઘટાડો થતો નથી જેના લીધે આગામી દિવસોમાં સ્થિતિ વધુ બિહામણી બને તેવી દહેશત વચ્ચે નાગરિકો સતત અસુરક્ષા અનુભવી રહ્યા છે. કોરોનાના દર્દીઓની સંખ્યા વધી રહી છે. જેની સામે હોસ્પિટલોમાં જગ્યા નથી ડોકટર્સ પણ લાચારી અનુભવી રહ્યા છે. ઓક્સિજન તેમજ બેડની ઉપલબ્ધિના અભાવે દર્દીઓને પોતાની આંખ સામે મોતના મુખમાં ધકેલાતા જોઈને મેડિકલ સ્ટાફની આંખો પણ ભીની થઈ જાય છે. આ સઘળા અફસોસ અને લાચારીની સ્થિતિ વચ્ચે કોરોનાના સંક્રમણને અટકાવવા માટે જે બની શકે તે સઘળુ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. હાલ આ સંક્રમણને અટકાવવા માટે એક સજ્જડ લોકડાઉનની જરૂરિયાત હોવાનો સુર પણ સેકટરોની શેરીઓમાં ઉઠવા પામ્યો છે. સેકટરવાસીઓ માની રહ્યા છે કે જયાં સુધી સમગ્ર રાજયમાં કડક લોકડાઉનનો અમલ નહીં થાય ત્યાં સુધી કોરોનાના કેસમાં ઘટાડો નોંધાય તેમ હાલની સ્થિતિ પરથી જણાંતુ નથી. સેકટરોના અગ્રણીઓ પણ સરકારે હવે બધી વાતો બંધ કરી લોકડાઉન આપવાની તૈયારી કરવી જોઈએ તેવો મત પણ સ્પષ્ટ થયો છે.

# સેક્ટર - ૨૬માં મુખવાસ મોલ નજીક પતિએ પત્નીનુ ઢીમ ઢાળ્યું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં સેક્ટર-૨૬ સ્થિત મુખવાસ મોલ નજીક પાર્કિંગમાં પતિએ પત્નીની છરીના ઘા ઝીંકી હત્યા કરી નાંખી હતી. ભર બપોરે મહિલાની હત્યાને પગલે પાટનગરમાં હાહાકાર મચી ગઈ છે. બે વર્ષ પહેલા થયેલા પ્રેમ લગ્ન પછી સામાન્ય બોલાચાલી અને અણબનાવ વચ્ચે ઉશ્કેરાયેલા પ્રેમી પતિએ પત્નીનું છરીના ઘા મારી ઢીમ ઢાળી દીધુ હતુ. બનાવની જાણ સેક્ટર-૨૧ પોલીસને થતા પી.આઈ. મનોજ ભરવાડ સહિતનો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચી જઈ ગુનો નોંધી ધોરણસરની તપાસ શરૂ કરી છે.

સૂત્રો દ્વારા મળતી વિગત મુજબ ખોરજ ડાભી ગામના વતની હાલ કોલવડા ગામે રામજી મંદિર નજીક દરબાર વાસ ખાતે રહેતા હરેશભાઈ ડાભીની ૨૧ વર્ષિય દિકરી દિવ્યાએ બે વર્ષ અગાઉ યોગેશ ભગવાનદાસ પાટીલ (સ્વામિનારાયણ પાર્ક અમદાવાદ) નામના યુવક સાથે પ્રેમલગ્ન કર્યા





હતા. ત્યારબાદ દિવ્યા સાસરીમાં પતિ સાથે રહેતી હતી પરંતુ લગ્નજીવનના ગણતરીના મહિના પછી લગ્નમાં ભંગાણ પડ્યું હતુ. જેને પગલે દિવ્યાને પતિ યોગેશ પાટીલ સહિત સાસરી પક્ષના સભ્યો દ્વારા શારીરિક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. સાસરીયાઓના ત્રાસથી કંટાળીને પરિણિતા પિયર રહેવા માટે આવી ગઈ હતી. પરિવારે પણ દિકરીને સાસરીમાં ત્રાસ આપતા હોવાથી અપનાવી લીધી હતી. છેલ્લા કેટલાક દિવસથી પરિણીતા ચુપચાપ રહેતી હતી અને વાત કરવાનુ પણ ટાળતી હતી. તેના છુટાછેડા અંગે ચર્ચા ચાલી રહી હતી. ત્યારે ઘર અને પરિવારના સભ્યો સાથે ગુમસુમ રહેતી દિવ્યાએ સેક્ટર-૨૬ ખાતે મુખવાસ મોલ ખાતે નોકરી શરૂ કરાવી હતી. સવારે ૯ થી ૫ ની નોકરી દરમિયાન તેનો પતિ યોગેશ તેને મનાવવા માટે આવ્યો હતો. પરંતુ પારિવારિક અણબનાવના પગલે સમાધાન થઈ શકયુ ન હતુ. જયારે આજે બપોરના સમયે દિવ્યાને મળવા યોગેશ મોલ ખાતે આવ્યો હતો અને જણાવ્યુ હતુ કે લગ્નનો અંત આવી રહ્યો હોવાથી તારી ચીજવસ્તુઓ આપવા માટે આવ્યો છુ. તે સમયે દુકાનમાં માત્ર ગણતરીના કર્મચારીઓ હાજર હતા. યોગેશનો ફોન આવતા દિવ્યા મળવા માટે પાર્કિંગમાં ગઈ હતી. સામાન્ય વાત કર્યા પછી યોગેશ તેની ચીજવસ્તુ પરત કરતા દિવ્યા ચીજવસ્તુ મુકવા માટે દુકાનમાં ગઈ હતી અને પાણી પીને આવુ છુ કહી પરત ફરી હતી.

તે સમયે પ્રેમી પતિ યોગેશ દિવ્યાને લઈને નજીકમાં આવેલા દવાખાના પાસેના પાર્કિંગમાં ગયો હતો. ત્યાં બંને વચ્ચે વાતચીત દરમિયાન બોલાચાલી થતા અગાઉથી પ્લાન કરીને આવેલા યોગેશે ઉશ્કેરાઈ જઈને પત્ની દિવ્યાને છરીના ઘા માર્યા હતા. છરીના ઘા વાગતા દિવ્યા નીચે ઢળી પડી હતી. ત્યારબાદ પતિ યોગેશ નાસી છુટ્યો હતો. રાજયના પાટનગરમાં ભરબપોરે પરિણિતાની હત્યાને પગલે ચકચાર મચી ગઈ હતી. દિવ્યાને ગાંધીનગર સિવિલ ખાતે સારવાર માટે ખસેડાઈ હતી પરંતુ ફરજ પરના ડૉક્ટરે મૃત જાહેર કરી હતી.

બનાવની જાણ દિવ્યાના પરિવારના સભ્યોને થતા ગાંધીનગર સિવિલ આવી પહોંચ્યા હતા. બનાવની જાણ સેક્ટર-૨૧ પોલીસને થતા પી.આઈ. મનોજ ભરવાડ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી પહોંચ્યો હતો. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી હત્યારા પતિને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## વરસાદી ઝાપટાના સંકેત વચ્ચે એકાએક ગરમીનો પારો ઉંચકાયો

**ગરમીનો પારો ૪૨. ૨ ડીગ્રીએ : દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે હીટવેવની અસરથી નગરજનો પ્રભાવિત**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં વાતાવરણ પલ્ટા બાદ ગરમીનુ જોર હળવુ થઈ ગયુ હતુ જયારે આજે ફરી ગરમીના પારાએ ઉપર તરફ દોટ લગાવી હતી જેના અંતે દિવસનુ તાપમાન ૪૨.૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. દિવસના આકરા તાપ વચ્ચે નગરજનોએ અસહ્ય ગરમીનો અનુભવ કર્યો હતો. ગરમીનો પારો પણ છેલ્લા ત્રણ ચાર દિવસથી ૪૧ ડીગ્રીની આસપાસ જ જોવા મળે છે. ત્યારે આકરી ગરમીના લીધે કોરોના વોરિયર્સ પણ પ્રભાવિત છે.



શહેરમાં ઉનાળાની મોસમ નિખરી છે. એકબાજુ કોરોનાનુ સંક્રમણ વધી રહ્યુ છે. ત્યારે ગરમી પણ ઉગ્ર મિજાજ દાખવતા ખુલ્લા આકાશ નીચે રહેતા શ્રમિકોની હાલત કફોડી બની છે. હાલ કોરોનાના સંક્રમણથી બચવા માટે નાગરિકો મોટાભાગે ઘરમાં જ પુરાયેલા રહે છે. જયારે આજે આમ પણ રજાનો દિવસ હોવાથી શહેરના મુખ્યમાર્ગો તેમજ સરકારી કચેરીઓમાં સુનકાર રહ્યો હતો. બીજીતરફ શોપિંગ બજારમાં પણ કોઈ વિશેષ અવરજવર જોવા મળતી નથી. ગઈકાલે ગરમીનો મિજાજ થોડો હળવો પડયો હતો. જો કે છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો સતત ૪૧ ડીગ્રીની આસપાસ જ રહે છે. વાતાવરણ પલ્ટાના અંતે પણ બીજા દિવસે ગરમીનુ જોર વધતા શહેરીજનો હીટવેવથી પ્રભાવિત છે.

આજે પણ ગઈકાલની સાપેક્ષમાં મહત્તમ તાપમાન ૦.૭ ડીગ્રી વધ્યુ હતુ. આજે મહત્તમ તાપમાન ૪૨.૨ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જેના લીધે દિવસ દરમિયાન આકરા તાપ વચ્ચે નગરજનો ગરમીથી અકળાયા હતા. ગત દિવસોમાં ગરમીનો પારો ૪૩ ડીગ્રીએ પહોંચી ગયો હતો જેના લીધે સિઝનની રેકર્ડ બ્રેક ગરમી નોંધાઈ હતી. જયારે આગામી દિવસોમાં હજુ ગરમીનુ પ્રમાણ વધે તેવી સંભાવના છે. બીજીતરફ રાજયમાં વાતાવરણ પલ્ટાની અસર વચ્ચે વરસાદી ઝાપટા વરસવાની સંભાવના પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.


ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


## વાવોલના પીઢ અગ્રણી અને પૂર્વ સરપંચ કુબેરસિંહ ગોલનું નિધન

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગરના વાવોલ ગામના પૂર્વ સરપંચ તથા તાલુકા પંચાયત



સદસ્ય તેમજ પીઢ અગ્રણી એવા કુબેરસિંહ કાળુજી ગોલનું આજે તા. ૨જી મે ના રોજ સવારે હૃદયરોગના હુમલાથી દુ:ખદ અવસાન થવા પામ્યું છે. વાવોલમાં સરપંચ તરીકે તેમજ ગાંધીનગર તાલુકા પંચાયતમાં સતત ૧૦ વર્ષ સુધી સદસ્ય રહીને સમગ્ર વિસ્તારમાં અનેક પ્રજાલક્ષી કાર્યો કરી લોકપ્રિયતા હાંસલ કરનાર સ્વ. કુબેરસિંહ ગોલ ગામમાં 'કુબેરકાકા'ના હુલામણા નામથી ઓળખાતા હતા. આ ઉપરાંત કુબેરનગર વસાવીને ગરીબોના બેલી બનનાર કુબેરકાકા જીવનના અંતિમ સમય સુધી કાર્યરત રહ્યાં હતા. પ્રાપ્ત માહિતી અનુસાર બે એક દિવસ પહેલા તેમણે પોતાના નાનાભાઈ બળવંતસિંહ ગોલને કોરોનાના કારણે ગુમાવ્યાં હતા જેનો આઘાત તેમના માટે હૃદયરોગના હુમલાનું કારણ બન્યો હોવાની શકયતા છે. કુબેરસિંહ ગોલના અવસાનથી સમગ્ર વાવોલ પંથકમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તવા પામી છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com